# ઉત્તર ગુજરાતમાં સ્વૈચ્છીક લૉકડાઉન બેઅસર, ૮૮૦૦ લોકો સંક્રમિત, ૧૯નાં મોત

## બાયડનું બ્રાહ્મણ દંપતિ કોરોનાથી સંક્રમિત થયું, મહિલાનું મોત, ખાનગી હોસ્પિટલોમાં ઓક્સિજનની અછત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭ કોરોનાનો કહેર બેકાબુ થયા પછી ઉત્તર ગુજરાતના મોટાભાગના શહેરી વિસ્તાર અને ગામડાઓમાં સ્વૈચ્છીક અને આંશિક લૉકડાઉન વેપારીઓએ અમલી બનાવ્યા પછી પણ કોરોનાના સંક્રમણને અટકાવવા લૉકડાઉન બેઅસર સાબિત થયું છે. પાછલા ૨૪ કલાકમાં ૮૮૧૩ લોકો કોરોનાથી સંક્રમિત હોવાના આરોગ્ય વિભાગે આંકડા જાહેર કર્યા છે. ખાનગી આંકડો ૧૪ હજારથી વધુ હોવાની આશંકા છે. કોરોનાએ એક જ દિવસમાં ૧૯ લોકોનો ભોગ લીધો છે. બાયડના બાહ્મણ દંપતિ કોરોનાથી સંક્રમિત થયા હતા. સારવાર માટે હિંમતનગર લઈ જવાતા હતા ત્યારે રસ્તામાં હૃદય રોગનો હુમલો આવતાં મહિલાનું મોત નિપજયું હતું. ઉત્તર ગુજરાતની અનેક ખાનગી હોસ્પિટલમાં ઓક્સિજનની અછત ઉભી થઈ છે જેના કારણે વેન્ટીલેટર હોવા છતાં પણ અનેક દર્દીઓને વેન્ટીલેટર ઉપર મૂકવામાં આવતા નથી.



સવાર, બપોર, સાંજ..કોને કોરોના થયો..?? કેટલા મર્યા..?? કયા સ્મશાન ગૃહમાં કેટલી ડેડ બોડી આવી..?? બસ આ વિગતો જાણવામાં પ્રજા સતર્ક રહે છે. એન્ટીજન કિટના દુકાળ વચ્ચે પણ જે પણ કોઈ રેપિડ ટેસ્ટ થઈ રહ્યા છે તે અત્યંત ચિંતાજનક છે. ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં સીટીસ્કેન મશીન હાંફી જાય તેટલી હદે દર્દીઓનો ધસારો છે. સરકારી કોવિડ હોસ્પિટલો દર્દીઓથી ઉભરાય છે પરંતુ ખાનગી કોવિડ-નોન કોવિડ હોસ્પિટલોમાં પણ સારવાર માટે ધસારો ઉભો થયા છે. ઉત્તર ગુજરાતના મોડાસા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, બાયડ, મહેસાણા, સિદ્ધપુર, પાટણ, ડીસા, પાલનપુર સહિતના વિસ્તારોમાં ખાનગી હોસ્પિટલોમાં પણ દર્દીઓ વેઈટીંગમાં ચાલી રહ્યા છે. ઓક્સિજનના શોર્ટ સપ્લાયની વ્યાપક ફરિયાદો છે. રેમડેસિવિર ઈન્જેક્શનની અછત વચ્ચે અરવલ્લીના મોડાસામાં બ્લેકમાં ઈન્જેક્શન વેચાતા હોવાના ગંભીર આક્ષેપ થઈ રહ્યા છે. આક્ષેપ-પ્રતિઆક્ષેપ કરતાં પણ ઉત્તર ગુજરાતમાં જે રીતે કોરોનાનું સંક્રમણ પરાકાષ્ટાએ છે તે જોતાં અનેક વિસ્તારોમાં લૉકડાઉન લંબાઈ શકે છે. પ્રજાએ પણ હવે કોરોનાથી બચવા માટે ઘરમાં રહેવું હિતાવહ છે.

### વાયુવેગે પ્રસરતું સંક્રમણ..

| જિલ્લો | સંક્રમિત લોકો | મૃત્યુ (પાછલા ૨૪ કલાકમાં) |
|---|---|---|
| સાબરકાંઠા | ૧૧૮૬ | ૦૫ |
| પાટણ | ૧૫૨૯ | ૦૪ |
| મહેસાણા | ૪૨૫૪ | ૦૪ |
| અરવલ્લી | ૬૦૭ | ૦૨ |
| બનાસકાંઠા | ૧૨૩૭ | ૦૪ |

**વિધિની કેવી ક્રૂરતા, પત્નિ કે પતિ મોતને ભેટે તો જાણકારી અપાતી નથી, જાણકારી આપ્યા પછી વજ્રઘાતની સ્થિતિ**

કોરોનાએ હવે પોતાનાંને પણ પારકાં કરી દીધાં છે. સરકારી અને ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા અસંખ્ય દર્દીઓ મોતને ભેટ્યા છે. કોવિડ-૧૯ ની ગાઈડલાઈન મુજબ મૃતદેહને ઘેર લઈ જવાતો નથી સીધા જ અંતિમ ધામમાં લઈ જવાનો હોય છે. ૨-૪ નિકટના સ્વજનોને પી.પી.ઈ. કીટ પહેરાવીને મૃતદેહ સોંપવામાં આવે છે. આવા સંજોગોમાં પત્નિ મૃત્યુ પામી હોય તો ઘરે હોમ ક્વોરન્ટાઈન થયેલા પતિને જાણકારી અપાતી નથી અને અંતિમ વિધિ થઈ જાય છે અને પતિ મોતને ભેટે તો તેમાં પણ આવી જ ભારેખમ સ્થિતિ નિર્માણ પામે છે. મૃત્યુ પામે છે અને અગ્નિ સંસ્કાર કર્યા છે તેવી જાણકારી આપ્યા પછી પરિવાર ઉપર વજ્રઘાતની સ્થિતિ જોવા મળે છે.



# તલોદ તાલુકામાં કોરોના બેકાબુ, કુલ ૩૭૯ પોઝિટિવ કેસ

તલોદ, તા.૨૭ સાબરકાંઠા જિલ્લામાં કોરોનાએ હાહાકારની સ્થિતિ લાવી દીધી છે ત્યારે તલોદ તાલુકામાં પણ કોરોના બેકાબુ બન્યો છે. અત્યાર સુધીમાં તલોદ તાલુકામાં કુલ-૩૭૯ પોઝિટિવ કેસ નોંધાયા છે જેમાં ગ્રામ્ય વિસ્તારોમાં ૨૪૦ અને શહેરી વિસ્તારમાં ૧૩૯ કેસ સરકારી દફતરે નોંધાયા છે પરંતુ ખાનગીમાં સારવાર લઈ રહેલા દર્દીઓનો આંકડો ૫૦૦ને પાર હોવાની આશંકા છે. કોરોનાનું સંક્રમણ બેકાબુ બની કેટલાક દર્દીઓના મોત નિપજ્યા છે છતાં લાપરવાહ બનેલી પ્રજા સોશ્યલ ડિસ્ટન્સ જાળવતી નથી અને માસ્ક પહેરવામાં ઉદાસીન રહેતાં આવનારા દિવસો વધુ કપરા બની શકે છે.

વેપારી મથક તલોદમાં દરરોજ સવાર થાય એટલે તલોદના ગ્રામ્ય વિસ્તારોમાંથી પણ ધનસુરા, દહેગામ, ગાંધીનગર અને પ્રાંતિજ તાલુકાના ખેડૂતો અને પ્રજા ખરીદી માટે આવતી હોય છે. જેના કારણે બપોર થતાં બજાર અને યાર્ડમાં ભીડ એકત્ર થાય છે. સંક્રમણ વધ્યા પછી તલોદમાં લૉકડાઉન અમલી બન્યું છે પરંતુ તે અગાઉ બેકાબુ બનેલી ભીડના કારણે તલોદનગર અને ગ્રામ્ય વિસ્તારના અનેક લોકો સંક્રમિત થયા જેના કારણે કોરોનાનો ચેપ ગામડા સુધી પહોંચ્યો છે અને તેનું પરિણામ નજર સમક્ષ છે. સાબરકાંઠા જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૩૭૭૭ પોઝિટિવ કેસ નોંધાયા છે તે પૈકી તલોદ તાલુકામાં ૩૭૯ કેસ નોંધાયા છે. જિલ્લાના કુલ-૮ તાલુકામાં કોરોનાનું સંક્રમણ તલોદ તાલુકામાં ચોથા સ્થાને રહ્યું છે.

**તલોદના ગ્રામ્યમાં એક્ટિવ કેસમાં ઉછાળો..**

તલોદ : તલોદ તાલુકામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છે. રેપિડ ટેસ્ટ દ્વારા કોરોના સંક્રમિતોની વિગતો મેળવવામાં આવે છે જેમાં તલોદ તાલુકામાં ૧૩૧ એક્ટિવ કેસ નોંધાયા હતા તે પૈકી ગ્રામ્ય વિસ્તારમાં ૯૬ અને શહેરી વિસ્તારમાં માત્ર ૩૫ કેસ નોંધાયા છે. જેનો મતલબ એ થયો કે તલોદના લોકો કોરોનાના જંગ સામે વધુ સક્રીય બન્યા છે. જ્યારે ગ્રામ્ય પ્રજામાં લાપરવાહી જોવા મળી છે.

# કોરોનાનું કાળચક્ર : બાયડ તાલુકાની હઠીપુરા હાઈસ્કુલના નિવૃત્ત આચાર્યનું મોત

**ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ધ્રૂસ્કે..ધ્રૂસ્કે રડ્યા**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

કોરોનાએ જાણે કે વિદ્યાના ઉપાસકો ઉપર કાળચક્ર ફેરવ્યું હોય તેવી સ્થિતિ છે. બાયડ તાલુકાની હઠીપુરા હાઈસ્કુલના નિવૃત્ત આચાર્ય આર. એસ. પટેલ(રહે.રાજપુર, તા.વિરપુર) કોરોનાથી સંક્રમિત થયા પછી સારવાર દરમ્યાન મંગળવાર સવારે મોત નિપજ્યું હતું. પોતાના પ્રિય ગુરૂજનના મોતના સમાચાર સાંભળી ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ધ્રૂસ્કે..ધ્રૂસ્કે રડી પડ્યા હતા.

કોરોનાની વિસ્ફોટક સ્થિતી ક્યાં જઈને અટકશે તેનું આંકલન કરવું મુશ્કેલ છે. કોરોનાએ એક પછી એક ડૉક્ટર, પેરામેડીકલ સ્ટાફ, ન્યાયાધિશ, શિક્ષકો,



ઉદ્યોગકારો, સામાજીક આગેવાનોને ભરખી ગયા પછી બાળકોને પણ ભરખી રહ્યો છે. જિલ્લામાં દર ૪ દિવસે કોરોના શિક્ષકને ભરખી રહ્યો છે અને હવે નિવૃત્ત શિક્ષકોના માથે કોરોનાનું કાળચક્ર ફરતું થયું છે. હઠીપુરા હાઈસ્કુલના નિવૃત્ત આચાર્ય કોરોનાથી સંક્રમિત થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સમયસરની સારવાર છતાં કોરોના સામે જીંદગીનો જંગ હારી ગયા હતા. શાળાના નિવૃત્ત આચાર્યનું કોરોનાથી મોત નિપજ્યાની વિગતો બહાર આવતાં હઠીપુરા સહિત તાલુકાના કેળવણીકારોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

# લૉકડાઉનમાં નવરા બેસી રહેલા અધિકારીઓને ફૂરસદ નથી

**બાયડ તાલુકાના પ્રાથમિક શિક્ષકોનાં ચૂંટણી ભથ્થાં ચૂકવવામાં ઠાગાઠૈયા, ચૂંટણીને બે મહિના પૂરા**

બાયડ તા.૨૭

બાયડ તાલુકાના પ્રા.શિક્ષકોને ફેબ્રુઆરીમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કામગીરી ઉપર મૂકવામાં આવ્યા હતા. ચૂંટણી કામગીરીમાં મૂકાયેલા તમામ કર્મચારીઓને એક પખવાડીયામાં ભથ્થાં ચૂકવવાની જોગવાઈ છે પરંતુ બાયડ તાલુકાના ૮૦૦ થી વધુ પ્રા.શિક્ષકોને ચૂંટણી પૂરી થયાના ૨ મહિના પછી પણ ચૂંટણી ભથ્થાં નસીબ થયાં નથી. લૉકડાઉનમાં માત્ર ઓફિસમાં નવરા બેસી રહેલા અધિકારીઓને કેમ ફૂરસદ નથી તે પ્રજાને સમજાતું નથી.

બાયડ તાલુકામાં કોરોનાની મહામારીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. અગાઉ કોરોનાનું સંક્રમણ મધ્યમ હતું ત્યારે કન્ટેન્ટમેન્ટ ઝોન વિસ્તારની મુલાકાતે કલેક્ટર, ડી.ડી.ઓ. અચાનક આવતા અને તેમાં સ્થાનિક અધિકારીઓ જોડાઈ જતા પરંતુ છેલ્લા એક પખવાડીયાથી બાયડ તાલુકામાં કોરોના કાળમૂખો બન્યો છે. એક પછી એક અનેક વિસ્તારો માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોનમાં ધકેલાઈ રહ્યા છે છતાં બાયડ મામલતદાર, બાયડ તાલુકા વિકાસ અધિકારીએ આવા વિસ્તારોની ઓચિંતિ મુલાકાત લીધી હોય તેવું સાંભળ્યું પણ નથી અને સોશ્યલ મીડીયામાં ફોટા પણ જોવા મળ્યા નથી તેનો મતલબ એ થયો કે અધિકારીઓ પોતાની કચેરીમાં જ કામગીરી કરતા હોય. ત્યારે બાયડ તાલુકાના પ્રા.શિક્ષકોએ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં કામગીરી કરી હતી તે તમામ પ્રા.શિક્ષકોને ૨ મહિના થવા છતાં ચૂંટણી ભથ્થું તેમના ખાતામાં જમા થયું નથી. શિક્ષકોના હક્કના પગારમાં વિલંબ થાય છે અને હવે પગાર ભથ્થાં પણ અધિકારીઓને પોતાના ખિસ્સામાંથી ચૂકવવાના હોય તેમ પ્રા.શિક્ષકોને ટટળાવવામાં આવી રહ્યા છે. પ્રા.શિક્ષકોના આગેવાનોએ પણ હવે મૌન રહેવા કરતાં અવાજ ઉઠાવવાની જરૂર છે.

## હસમુખ સક્સેનાની કોમેન્ટ, સાબરડેરીના ચૂંટાયેલા હોદ્દેદારો ક્યાં, ઓક્સિજનની જરૂર છે મદદ કરો નહીંતર મેથીપાક આપીશું




બાયડ : બાસના સંયોજક હસમુખ સક્સેનાએ સોશ્યલ મીડીયા ઉપર કોમેન્ટ કરીને વિવાદનો મધપૂડો છંછેડ્યો છે. કમસનીયા સાબરડેરીવાળા ચૂંટાયેલા હોદ્દેદારો ક્યાં ઉંઘી ગયા છે, અરવલ્લી, સાબરકાંઠામાં ઓક્સિજનની જરૂર છે મદદ કરો નહીંતર જાહેરમાં મેથીપાક આપીશું..હસમુખ સક્સેના.

# સાબરકાંઠા, અરવલ્લીની સરકારી, ખાનગી હોસ્પિટલોની તબિયત ક્રિટીકલ, મેડીકલ સ્ટાફ સતત કામગીરી હતાશ..!!

**જૂના દર્દીઓ માટે ઓક્સિજન નથી, નવા દર્દીઓ માટે હોસ્પિટલમાં જગ્યા નથી, દર્દીના સગા બેડ માટે મોં માગ્યા ભાવ આપવા તૈયાર**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

સાબરકાંઠા, અરવલ્લીની સરકારી કોવિડ અને કોવિડ ડેજીગ્નેટેડ ખાનગી હોસ્પિટલોની તબિયત ક્રિટીકલ બની છે. મેડીકલ સ્ટાફને રજા મળતી નથી અને સતત વધુ પડતી કામગીરીના કારણે હતાશ બની ગયો છે. જૂના દર્દીઓ માટે ઓક્સિજન નથી, નવા દર્દીઓ માટે હોસ્પિટલમાં જગ્યા નથી ત્યારે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાતા કોરોનાગ્રસ્ત દર્દીને બચાવવા માટે સગાંઓ દ્વારા બેડ માટે મોં માગ્યા ભાવ આપવાની ઓફર થઈ રહી છે. કેટલાક કિસ્સાઓમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ સાથે આવેલા લોકો બેદરકાર બની જ્યાં ત્યાં બેસી જાય છે અને ફરવા નિકળી જાય છે જેના કારણે કોરોનાનું સંક્રમણ શહેરી વિસ્તારોમાં વધવાનો ભય હાવિ થયો છે.

કહેવત છે કે ખાડો ખોદે તે પડે.. છેલ્લા ૧૪ મહિનાથી જિલ્લાના આરોગ્ય વિભાગે કોરોનાના દર્દીઓનો સાચો આંકડો અને મૃત્યુ આંક છૂપાવ્યાના લોક આક્ષેપ જગજાહેર છે એ તો ઠીક પરંતુ એપ્રિલ મહિનામાં કોરોનાની બીજી લહેરે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું ત્યારે જિલ્લાની સરકારી કોવિડ હોસ્પિટલમાં યોગ્ય સમયે વધુ બેડ અને સ્ટાફની નિયુક્તિ કરવાના બદલે તંત્રએ ઢીલી નીતિ રાખી. રાતો રાત બેડ વધાર્યા પરંતુ મેડીકલ સ્ટાફમાં વધારો ન કરતાં આરોગ્ય કર્મીઓ ઉપર કામનું ભારણ વધી ગયું છે. તાબડતોબ કોરોના કેસ વધતાં ખાનગી હોસ્પિટલમાં કોરોનાના દર્દીની સારવાર કરવા માટે છૂટ આપવામાં આવી પરંતુ કેટલાક નિયમોની સ્પષ્ટતા ન કરી જેથી ખાનગી હોસ્પિટલમાં સારવાર લેતા કોરોનાના દર્દીને રેમડેસિવિરની જરૂર હોય તો ૮ થી ૧૦ દિવસ સુધી રાહ જોવી પડે કાં તો સરકારી કોવિડ હોસ્પિટલમાં દાખલ થવું પડે છેવટે આવી સ્થિતિ આવી અને સરકારી કોવિડ હોસ્પિટલોના તમામ બેડ ભરાઈ ગયા. એકાએક દર્દી વધતાં ઓક્સિજનની માંગમાં ઉછાળો આવ્યો. જેથી વારંવાર ઓક્સિજનની અછતથી હોબાળા મચ્યા. કેટલાક દર્દીઓના મોત નિપજ્યાના પણ આક્ષેપ છે. તંત્રની બેદરકારીથી જિલ્લાની સરકારી અને ખાનગી હોસ્પિટલની તબિયત ક્રિટીકલ છે. હવે ગરીબ અને મધ્યમ વર્ગીય પ્રજા બેડ માટે ખાનગી હોસ્પિટલોમાં રીતસરની લૂંટાવા લાગી છે.

**દર બે દિવસે ઓક્સિજનના નામે માંકણ મંડાય છે**

બાયડ : જિલ્લામાં દર બે દિવસે ઓક્સિજન ખૂટી પડશે. શોર્ટ સપ્લાય છે. જિલ્લા તંત્રનું કોઈ ઉપર સાંભળતું નથી..તેવા આરોપ લાગ્યા છે. કોંગ્રેસે કપરા કાળમાં પક્ષાપક્ષીથી પર રહી હાથ મિલાવીને કામ કરવાનું હોય તેના બદલે કોંગ્રેસના આગેવાનો ફરી એકવાર ગતકડાં ઉપર ઉતરી આવ્યા છે. દર બે દિવસે ઓક્સિજનના નામે માંકણ મંડાય છે. અગાઉ હિંમતનગર અને ત્યારબાદ મોડાસાની ખાનગી હોસ્પિટલમાં ઓક્સિજન ખૂટી પડતાં દર્દીઓને અન્ય જગ્યાએ સારવાર માટે મોકલવાની નોબત ઉભી થઈ હતી. આ તમામ બાબત એટલે વહીવટી તંત્રની તમામ મોરચે નિષ્ફળતા ગણી શકાય.

**જિલ્લાના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ લોકસેવાના બદલે પ્રજાથી વિમુખ થયા, બાસના સંયોજકનો આક્ષેપ**

બાયડ : બાસના સંયોજક હસમુખ સક્સેનાએ આરોપ લગાવ્યો છે કે અરવલ્લીના ગ્રામ્ય વિસ્તારોમાં અધિકારી-કર્મચારી, સ્ટાફ, રેપિડ કિટ, ઓક્સિજનની અછત છે જેના કારણે ગ્રામ્ય પ્રજા પ્રાથમિક સારવારથી દૂર ભાગી રહી છે. કોરોનાગ્રસ્ત દર્દીઓને સીધા કોવિડ હોસ્પિટલમાં રવાના કરી દેવામાં આવે છે. સરકારના સબસલામતના દાવાઓને સ્થાનિક ગ્રામ્ય આરોગ્ય કર્મચારીઓ પોકળ સાબિત કરી રહ્યા છે. જિલ્લાના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ લોકસેવા માટેના ઉત્તમ સમયમાં પ્રજાથી મોં ફેરવી રહ્યા છે. જે દુઃખદ બાબત છે. ખાનગી હોસ્પિટલો પણ દર્દીઓથી ઉભરાઈ રહી છે જેથી ગામડાની પ્રજાને આ પરિસ્થિતિમાં શું કરવું, ક્યાં જવું, હવે શું થશે..?? જેવા પ્રશ્નો મૂંઝવી રહ્યા છે. બાયડ વિસ્તારની સ્થાનિક પત્રકારીતા ઉપર પણ વ્હાલા-દવાલાની નીતિનો આક્ષેપ કર્યો છે.

## બાયડ નગરપાલિકાની આજે બીજી સામાન્ય સભા

બાયડ નગરપાલિકાની આજે ૨૮ એપ્રિલે બપોરે ૩ કલાકે સામાન્ય સભા પ્રમુખ સ્નેહલભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાશે. જેમાં ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૫૩ મુજબ કારોબારી સમિતિની રચના, અન્ય સમિતિઓની રચના કરવામાં આવશે. ગત સામાન્ય સભામાં પડેલ ખર્ચના પેન્ડીંગ રાખેલ બીલો સહિતની ખાસ ચર્ચા કરવામાં આવશે. બાયડ પાલિકામાં સત્તા પરીવર્તન પછી પ્રજાની અપેક્ષાઓમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે બાયડ પાલિકાના સત્તાધિશોએ પ્રજાની તમામ પાયાની સમસ્યાઓ દૂર કરવાના મક્કમ નિર્ધાર સાથે કામગીરી શરૂ કરી છે. પાલિકામાં ભૂગર્ભ ગટર સહિત ખુલ્લી ગટરો સફાઈની કામગીરીને અગ્રતા આપવામાં આવી રહી છે. વર્તમાન કોન્ટ્રાક્ટરની સામે પ્રજામાં વ્યાપક આક્રોશ હોવાથી આજની સભામાં આ મુદ્દે યોગ્ય નિર્ણય લેવાય તેવી સંભાવના છે.

# કોરોનાનો ક્રૂર પંજો : બાયડના જાણીતા ઝવેરી હરેશભાઈ સોનીનું મોત

**૮ દિવસ સુધી મોત સામે જજૂમ્યા, ઝવેરી બજાર સહિત બાયડના બજારમાં શોક છવાયો**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

બાયડ તાલુકામાં કોરોનાનો ક્રૂર પંજો ફરી વળ્યો છે. બાયડના જાણીતા ઝવેરી હરેશભાઈ સોની (સોની નીતિનકુમાર ભાઈલાલભાઈ એન્ડ સન્સ-બાયડ)નું મોત નિપજતાં ઝવેરી બજાર સહિત બાયડના બજારમાં શોક છવાયો છે. અમદાવાદ અને ગાંધીનગરની ખાનગી હોસ્પિટલમાં કોરોનાને મ્હાત આપવા ૮ દિવસ સુધી જજૂમ્યા પરંતુ આખરે જીંદગીનો જંગ હારી ગયા હતા. જાણીતા ઝવેરીના મોતથી તેમના સોસાયટી વિસ્તાર માદરે વતન આકરૂન્દમાં શોક છવાયો હતો.



કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. એક પછી એક અનેક દર્દીઓને કોરોના ભરખી જતાં બાયડ તાલુકાના કેટલાક સમાજમાં કોણ કોને સાંત્વના આપે..!! તેવા કરૂણ દ્રશ્યો જોવા અને સાંભળવા મળી રહ્યાં છે. બાયડ વેપારી મથક હોવાથી કોરોના સંક્રમણને અટકાવવા બાયડના વેપારીઓએ ગત તા.૨૨ એપ્રિલથી સ્વયંભૂ લૉકડાઉન અમલી બનાવ્યું છે તેમ છતાં કેસમાં ઘટાડો થવાને બદલે સતત વધારો થઈ રહ્યો છે અને મૃત્યુ દર બાયડ તાલુકામાં ઉંચકાઈ રહ્યો છે. બાયડના જાણીતા ઝવેરી હરેશભાઈ સોની કોરોનાથી સંક્રમિત થતાં પરિવાર દ્વારા તાબડતોબ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા જ્યાં ઓક્સિજનનું લેવલ સતત ઘટતું ગયું જેથી વેન્ટીલેટર સહિતની સુવિધાવાળી હોસ્પિટલમાં ગાંધીનગર સારવાર માટે લઈ જવામાં આવ્યા જ્યાં જીંદગી સામે જજૂમ્યા પરંતુ મોતને મ્હાત કરી શક્યા ન હતા. જાણીતા ઝવેરી હરેશભાઈ સોનીના મોતના સમાચાર વાયુવેગે અરવલ્લી જિલ્લા અને બાયડમાં પ્રસરી જતાં ઝવેરી બજારમાં શોક છવાયો છે. સદ્દગતના પાર્થિવ શરીરને કોરોના ગાઈડલાઈન અનુસાર વાત્રકના સ્મશાન ગૃહમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. સદ્દગતના મોતથી સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓમાં પણ શોક છવાયો હતો.